NANABHAI B. KARANI'S TRANSLATION SERIES.

A GUIDE

TO

THE ROYAL INFANT READER.

રૉયલ ઇનફન્ટ રીડરના અર્થ.

જેમાં

એ રૉયલ ઇનફન્ટ રીડરના સઘળા શબ્દો તેના ગુજરાતી ઉચ્ચાર,
અને તેના ગુજરાતી અર્થ તથા આખા ઇંગ્રેજી વાક્યોનો
ગુજરાતી તરજુમો તથા એની બાબત આપેલા જરૂર
શબ્દો તેના ઉચ્ચાર તથા અર્થ સાથે આપેલા છે.

(Registered under Act XXV of 1867.)

Second Edition.

Bombay:

PUBLISHED AND SOLD BY,

NANABHAI BEJANJI KARANI,

BOOKSELLER AND PUBLISHER—33, DHOBITALAO.

મુંબઈ.

નાનાભાઇ બેજનજી કરાણી,

પુસ્તકો પ્રગટ કરનાર તથા વેચનાર—૩૩, ધોબીતલાવ.

કીંમત ૭ આના.

Printed at the Rebekah Simeon Walker Printing Press.

Nanabhai Bejanji Karani's Translation Series.

A GUIDE

TO

THE ROYAL INFANT READER.

રૉયલ ઈનફન્ટ રીડરના અર્થ.

The Cat and the Mouse, (ધી કૅટ ઍન્ડ ધી માઉસ) બિલાડી અને ઉંદર.

Infant, (ઇનફન્ટ) બાળક.
This, (ધિસ) આ.
Is, (ઇઝ) છે.
My, (માઈ) મારી.
Cat, (કૅટ) બિલાડી.
Do see, (ડૂ સી) જુઓછો.
You, (યૂ) તમે.
Its, (ઇટસ) તેની.
Long, (લૉંગ) લાંબી.
Tail, (ટેલ) પૂછડી.
It, (ઇટ) તેને.
Has, (હૅઝ) હોયછે, છે, પાસેછે.
Soft, (સૉફ્ટ) નરમ.
Paws, (પૉઝ) પંજા.
But, (બટ) પણ.
Sharp, (શાર્પ) તિક્ષણ, અણીદાર.
Claws, (ક્લૉઝ) નખ, નખ-સાથના પંજા.
The, (ધી) તે.
Sees, (સીઝ) જુએછે.

A, (એ) એક.
Mouse, (માઉસ) ઉંદર.
Run, (રન) દોડ, નહાસ.
If, (ઇફ) જો.
Do run, (ડૂ રન) દોડે, નહાસી જાય.
Not, (નૉટ) નહિ.
Will catch, (વિલ કૅચ) પકડશે.
You, (યૂ) તુને, તમને.
It, (ઇટ) તે.
Ran, (રૅન) દોડયો.
To, (ટૂ) આગળ, માં, પાસે.
Its, (ઇટસ) તેના.
House, (હાઉસ) ઘર, (દર)
Did catch, (ડિડ કૅચ) પકડયો.
Can catch, (કૅન કૅચ) પકડી શકે.
Try, (ટ્રાઈ) તજવીજ કરો, કોસેશ કરો.
Have seen, (હૅવ સીન) જોઇછે.
Try—To try, કોસેશ કરવાને અથવા કોસેશ કરતાં.
To catch, (ટૂ કૅચ) પકડવાને.

Own, (ઓન) પોતાની.
Great, (ગ્રેટ) મોટી, ઘણી.
Fun, (ફન) ગમત, રમુજ, મજાહ.
Round, (રાઉન્ડ) ગોળ ચક્કર.
And, (ઍન્ડ) અને, ને.

૧. આ મારી બિલાડી છે. તમે તેની લાંબી પુછડી જુઓછો? તેને નરમ પંજા હોયછે, પણ (વળી) તેને તિક્ષણ નખ હોય છે.

૨. તે બિલાડી ઉંદરને જુએછે. નહાસ, ઉંદર, નહાસ. જો તું નહાસી નહિ જશે તો બિલાડી તુંને પકડશે.

૩. આ તે ઉંદર છે. તે પોતાના ઘરમા (દરમાં) દોડી ગયો. તે બિલાડીએ તેને પકડયો નહિ.

૪. તમે તે બિલાડીને પકડી શકશો? જો તમારાથી બને તો કોસેશ કરો.

૫. બિલાડીને તેની પોતાની પુછડી પકડવાની કોસેશ કરતાં તમે જોઇછે? તેને ગોળ ચક્કર ફરતી, દોડતી જોવાને ઘણી ગમત પડે છે.

My Cat, (માઈ કેટ) મારી બિલાડી.

I, (આઈ) હું.
I have, મારી પાસેછે.
Have, (હૅવ) પાસેછે.
Name, (નેમ) નામ.
Tit, (ટિટ) ટિટ (બિલાડીનુંનામ.)
And, (ઍન્ડ) અને, ને.
By, (બાઇ) પાસે, નજદીક, આગળ.
Fire, (ફાયર) સગડી, આતશ.
Loves, (લવ્ઝ) ચ્હાયછે, ગમેછે.
To sit (ટુ સિટ) બેસવાને.
From, (ફ્રોમ) માંથી, ઉપરથી.
Off, (ઑફ) દુર.
Rug, (રગ) કાથાની દોરડીનો ગાલીચો.
Scarce, (સ્કેર્સ) ભાગ્યેજ, કદાચજ.
Will stir, (ઉવિલ સ્ટર) ખસશે.
There, (ધેઅર) ત્યાં.
Will sit, (ઉવિલ સિટ) બેસશે.
All, (ઑલ) આખો, સઘળો.
Day, (ડે) દહાડો, દિવસ.
Purr, (પર) મ્યાંઉં, મ્યાંઉં કરવું, ઘુરકવું.
Each, (ઇચ) દરેક.
Each day, દરરોજ.
Bring, (બ્રિંગ) લાવુંછું.
Dish, (ડિશ) થાળી, રકાબી.
Of, (ઑફ) ની.
Milk, (મિલ્ક) દુધ.
Smooth, (સ્મુધ) સાફ કરૂંછું.

Coat, (કોટ) ઉપરની વાળવાળી ચામડી.
To shine, (ટૂ શાઇન) ચળકવાને.
Like, (લાઇક) માફક, જેવી.
Silk, (સિલ્ક) રેશમ.
On, (ઑન) ઉપર, પર.

My, (માઇ) મારો.
Knee, (ની) ઘુંટણ, ઢીંચણ.
Oft, (ઑફ્ટ) વારંવાર, ફરીફરીને.
For, (ફૉર) કારણકે.
Me, (મી) મને.
I love, હું ચ્હાઉંછું.

૧. મારી પાસે એક બિલાડી છે, તેનું નામ ટિટ છે; અને તેને સગડી પાસે બેસવા ગમે છે.
૨. કાથાની દોરડીના ગાલીચા ઉપરથી તે કદાચજ ખસશે, પણ આખો દહાડો ત્યાં બેસશે અને મ્યાંઉં, મ્યાંઉં કરશે.
૩. દરરોજ હું તેની દૂધની રકાબી લાવુંછું, અને તેની ઉપરની વાળવાળી ચામડી રેશમની માફક ચળકવાને સાફ કરૂંછું.
૪. અને તે વારંવાર મારા ગુડણ ઉપર બેસશે; કારણકે ટિટ મને ચ્હાયછે, અને હું તેને ચ્હાઉંછું.

Tom's Dog, (ટૉમ્સ ડૉગ) ટૉમનો કુતરો.

Tom, (ટૉમ) ટૉમ નામનો છોકરો.
Fine, (ફાઇન) સુંદર, સારો.
Large, (લાર્જ) મોટો.
Dog, (ડૉગ) કુતરો.
He, (હી) તે.
Calls, (કૉલ્સ) કહેછે, બોલાવેછે.
Lion, (લાયન) કુતરાનું નામ "લાયન"
So, (સો) એટલો.
Big, (બિગ) મોટો.
That, (ધૅટ) કે.
Baby, (બેબિ) બચ્ચું, છોકરૂં, બાળક.
Can ride, (કૅન રાઇડ) સ્વાર થઇ શકે, સ્વારી કરી શકે.

Back, (બૅક) પીઠ.
One, (વન) એક.
Was, (વૉઝ) હતો.
At, (ઍટ) તરફ, આગળ, પાસે.
Pond, (પૉન્ડ) તલાવ.
In, (ઇન) માં, અંદર.
Wood, (વુડ) જંગલ.
His, (હિઝ) તેનો.
With, (વિથ) સાથે, સંગાતે.
Him, (હિમ) તેની, તેને.
Took, (ટૂક) લીધી.
Stick, (સ્ટિક) લાકડી.
Threw, (થ્રીઉ) નાખી, ફેંકી.

Far, (ફ્રાર) દુર, આઘે.
Into, (ઇન ટૂ) અંદર, માં.
Then, (ધેન) ત્યારે, તે વખતે, ત્યાર પછી.
He, (હી) તે.
Said, (સેડ) કહયું, બોલ્યો.
Go, (ગો) જા.
Fetch, (ફ્રેચ) જઇને લાવ.
At once, (ઍટ ઉવન્સ) એકદમ.
Swam, (સ્વૉમ) તરીને ગયો.
For, (ફૉર) વાસ્તે, માટે.
Soon, (સૂન) જલદીથી.
Brought, (બ્રૉટ) (કાઢી) લાવ્યો.
Out, (આઉટ) બહાર.
Look, (લુક્) જુઓ.
Mouth, (માઉથ)મોઢું, મુખ,મ્હોડું.
How, (હાઉ) કેવો, કેવી.
Well, (ઉવેલ) સારી રીતે.
How well, કેવી સારી રીતે.
Swims, (સ્વિમ્ઝ) તરેછે.
Has been taught, શિખવ્યોછે. શિખવવામાં આવ્યોછે.
Knows, (નોઝ) જાણેછે.
Thing, (થિંગ) વસ્તુ, ચીજ.
Which, (ઉવિચ) જે.
All, (ઑલ) સઘળા.
Boys, (બૉયઝ) છોકરાઓ.
Girls, (ગર્લ્સ) છોકરીઓ.
Should learn, (શુડ લર્ન) શિખવું જોઇએ.
What, (ઉવૉટ) શું.
To do, (ટૂ ડૂ) કરવું.
What—That Which, તે જે.
Is bid, (ઇઝ બિડ) ફરમાવેછે, ફરમાવવામાં આવેછે.

૧. ટૉમ પાસે એક સુંદર મોટો કુતરોછે. તે તેને "લાયન" નામથી બોલાવેછે.

૨. તે એટલો તો મોટો છે કે (એક) છોકરૂં તેની પીઠ ઉપર સ્વારી કરી શકેછે.

૩. એક દહાડે ટૉમ જંગલમાં (ના) તલાવ આગળ હતો. તેનો કુતરો તેની સાથે હતો.

૪. ટૉમે પોતાની લાકડી લીધી અને તળાવમાં તે દુર નાંખી.

૫. ત્યાર પછી તેણે કહયું "જા, કુતરા, અને જઇને તે લાવ." તે કુતરો તે લાકડી (લાવવા) સારૂં એકદમ તરીને અંદર ગયો અને જલદીથી તે બહાર (કાઢી) લાવ્યો.

૬. જુઓ ! તે પોતાના મ્હોંડામાં લાકડી સાથે ત્યાં છે. કેવી સારી રીતે તે તરેછે.

૭. ટૉમના કુતરાને સારી રીતે શિખવ્યો છે. તે એક ચીજ જાણેછે જે સઘળા છોકરાઓ અને છોકરીઓએ શિખવી જોઇએ.

૮. તે શું છે તે તમે જાણોછો?—તેને જે કાંઈ ફરમાવવામાં આવેછે તે એકદમ કરવું.

My Dog, (માઈ ડૉગ) મારો કુતરો.

Dot, (ડૉટ) કુતરાનું નામ 'ડૉટ.'	Up, (અપ) ઉપર, પર.
Side, (સાઇડ) બાજુ.	Hill, (હિલ) ટેકરી, ડુંગર.
To trot, (ટૂ ટ્રૉટ) તુર્કી ચાલેચાલવાને.	Down, (ડાઉન) નીચે, તળે.
Nice, (નાઇસ) સારી, સુંદર.	When, (ઉવ્હેન) જ્યારે.
White, (ઉવ્હાઇટ) સફેદ.	We, (ઉવી) અમે.
Has got, (હૅઝ ગૉટ) પાસેછે, છે.	Town, (ટાઉન) શેહેર, કસ્બો.
Nose, (નોઝ) નાક.	Our, (અવર) અમારી.
Small, (સ્મૉલ) નાનો.	Cot, (કૉટ) ઝુંપડી.
Black, (બ્લૅક) કાળો.	Each one, દરેકજણ.
Spot, (સ્પૉટ) ડાઘ.	Fond, (ફૉન્ડ) શોખીલું, શોખીન.
Runs, (રન્ઝ) દોડેછે.	Poor, (પૂઅર) ગરીબ, બીચારો.
Glee, (ગ્લી) હર્ષ, આનંદ, ખુશાલી.	Old, (ઓલ્ડ) બુઢો, ઘરડો.

૧. મારી પાસે એક કુતરોછે, તેનું નામ ડૉટછે, અને તે મારી બાજુએ તુર્કી ચાલે ચાલવાને ચહાય છે.

૨. મારા કુતરાને સુંદર સફેદ ઉપરના વાળવાળી ચામડી છે, અને તેના નાક ઉપર એક નાનો કાળો ડાઘ છે.

૩. જ્યારે અમે શેહેરમાં દરરોજ જઇએ છીએ, ત્યારે તે ખુશાલીથી ટેકરી ઉપર અને નીચે દોડેછે.

૪. હું મારા કુતરાને ચ્હાહું છું, અને અમારી ઝુંપડીમાનું દરેકજણ ગરીબ બુઢા ડૉટનું શોખીલુંછે.

The Hoop, (ધી હૂપ) વળું.

Dick, (ડિક્) છોકરાનું નામ 'ડિક.'
Has been, (હૅઝબીન) થયોછે, છે.
Good, (ગુડ) સારો, ભલો,
Work, (ઉવર્ક) કામ.
Is done, (ઇઝ ડન) પુરૂં થયુંછે.
Now, (નાઉ) હવે, હાલમાં.
Play, (પ્લે) રમત.
Is at play, રમેછે.
Hoop, (હૂપ) વળું, કડું.
As, (ઍઝ) જ્યારે.
Strikes, (સ્ટ્રાઇકસ) ફટકો મારેછે.
Hand, (હૅન્ડ) હાથ.
Fast, (ફાસ્ટ) ઝડપથી, ઉતાવળથી.
Makes go, (મેક્સ ગો) જવાદે છે. ચલાવે છે.
Along the road, (અલૉંગ ધી રોડ) રસ્તાઉપર.
After, (આફ્ટર) પછી.
A long run, (એ લૉંગ રન) એક લાંબી દોડ.
Home, (હોમ) ઘર.
Tea, (ટી) ચા.

૧. ડિક સારો છોકરોછે. તેનું સઘળું કામ પુરૂ થયું છે.
૨. હવે તે પોતાનાં વળાંથી રમેછે.
૩. જ્યારે તે દોડેછે ત્યારે તે પોતાના હાથમાંની લાકડીથી તેને ફટકો મારેછે.
૪. જુઓ કેવી ઝડપથી તે તેને રસ્તા ઉપર ચલાવેછે.
૫. તે પોતાની ચા પીવાને એક લાંબી દોડ પછી ઘરે જશે.

Knife and Fork, (નાઇફ્ ઍન્ડ ફૉર્ક) છરી અને કાંટો.

Henry, (હેનરિ) છોકરાનું નામ હેનરિ.
Has had, (હૅઝ હૅડ) મળીછે.
Gift, (ગિફ્ટ) ભેટ, બક્ષિસ.
Aunt, (આન્ટ) કાકી.
Do think, (ડૂ થિંક) ધારોછો.
Pretty, (પ્રેટિ) સુંદર.
Knife, (નાઇફ્) છરી, ચાકુ.
Fork, (ફૉર્ક) કાંટો.
Three, (થ્રી) ત્રણ.
Prongs, (પ્રૉંગ્સ) દાંતા.
Edge, (એજ) ધાર.
Will be, (ઉવિલ બી) થશે.
Must learn, (મસ્ટ લર્ન) શિખવું જોઇએ.
To hold, (ટૂ હોલ્ડ) પકડવાને. પકડવી.
Eats, (ઇટ્સ) ખાયછે.
Food, (ફૂડ) ખોરાક, ભોજન.

૧. હેનૂરિને તેની કાકી પાસેથી એક સારી બક્ષિસ મળી છે.
૨. તે શું છે તે (વિશે) તમે શું ધારોછો? તે એક સુંદર છરી અને એક કાંટો છે.
૩. કાંટાને ત્રણ દાંતા છે. છરીને અણીદાર ધારછે.
૪, હેનૂરિ જલદીથી મોટો છોકરો થશે. જ્યારે તે પોતાનું ભોજન ખાયછે, ત્યારે પોતાની છરી અને કાંટો કેમ પકડવો તે તેણે શિખવું જોઇએ.

The Toy Shop, (ધી ટૉય શૉપ) રમકડાંની દુકાન.

Hop, (હૉપ) કુદો.
Off, (ઑફ) ચાલો.
Ned, (નેડ) છોકરાનું નામ 'નેડ.'
May come, (મે કમ) આવે.
To get, (ટૂ ગેટ) લેવાને.
Drum, (ડ્રમ) પડઘમ.
Likes, (લાઇક્સ) ગમેછે, ચહાયછે.
To make, (ટૂ મેક) કરવાને.
Noise, (નૉઇઝ) ઘોંઘાટ, અવાજ.
Get, (ગેટ) લેવો, લાવો.
To buy, (ટૂ બાઇ) ખરીદવાને.
Some, (સમ) કેટલાંક.
New, (ન્યૂ) નવાં.
Hop off, કુદતા, કુદતા, જાઓ.
Shop, (શૉપ) દુકાન.
Toys, (ટૉયઝ) રમકડાં.
Doll, (ડૉલ) ઢીંગલી, પુતળી.
Little, (લિટલ્) નાની.
Poll, (પૉલ) છોકરીનું નામ 'પૉલ.'
Has not, (હૅઝ નૉટ) પાસે નથી.
Many, (મૅનિ) ઘણા.
Ships, (શિપ્સ) વહાણો, ઝાઝો.
Tops, (ટૉપ્સ) ભમરડા.
Whips, (હ્વિપ્સ) ચાબકા.
Balls, (બૉલ્સ) દડાઓ.

૧. કુદો, કુદો, કેટલાંક સુંદર નવાં રમકડાં ખરીદ કરવાને કુદતા, કુદતા દુકાન આગળ જાઓ; નેડ એક પડઘમ લેવાને આવે, તેને ઘોંઘાટ કરવા ગમેછે.
૨. નાની પૉલને સારૂં એક પુતળી લેવો, તેણીની પાસે ઘણાં રમકડાં નથી. સઘળા છોકરાઓને વાસ્તે નાનાં વહાણો, અને ભમરડા, અને ચાબકા, અને દડા લેવો.

The Lamb and the Sheep, (ધી લૅમ્બ ઍન્ડ ધી શીપ)
મેંઢાંનું બચ્ચું અને મેંઢું.

Young, (યંગ) નાનું.
Sheep, (શીપ) મેંઢું, બચ્ચું.
Here, (હીઅર) અહીંઆં, આ જગ્યામાં.
Come, (કમ) આવ.
Will come, (ઉવિલ કમ) આવશે.
Let, (લેટ) દો.
Us, (અસ) આપણને, અમને.
Let us try, ચાલો આપણે કોસેશ કર્યે, અમને કોસેશ કરવાદો.
Too, (ટૂ) ઘણી.
Fast, (ફાસ્ટ) ઝડપથી, ઉતાવળથી.
Sheep, (શીપ) મેંઢાંઓ.
Field, (ફીલ્ડ) ખેતર.
Is called, (ઇઝ કૉલ્ડ) કહેવાયછે, કહેછે.
Lamb, (લૅમ્બ) હલવાન, મેંઢાનું બચ્ચું.
They, (ધે) તેઓ.
Lie, (લાઇ) પડેલાંછે.
Grass, (ગ્રાસ) ઘાસ.
Under, (અનડર) નીચે, તળે.
Trees, (ટ્રીઝ) ઝાડો.
Wool, (ઉવુલ) ઉન.
Grows, (ગ્રોઝ) ઉગેછે.
Men, (મેન) માણસો.
Cut off, (કટ ઑફ) કાપી લેછે.
Make into cloth, કપડું બનાવેછે.
Cloth, (કલૉથ) કપડું.

૧. નાના મેંઢાંને હલવાન કહેછે, અહીંઆં એક છે.

૨. સફેદ મેંઢાંનાં બચ્ચાં મારી આગળ આવ. તે મેંઢાંનું બચ્ચું આવશે નહીં. તે મેંઢાં આગળ દોડી જાયછે.

૩. ચાલો આપણે તેને પકડવાને કોસેશ કર્યે. દોડ, દોડ, દોડ! આપણે તેને પકડી શકશું નહિ. તે ઘણી ઝડપથી દોડે છે.

૪. ખેતરમાં મેંઢાંઓ જુઓ. તેઓ ઝાડ તળે ઘાસ પર પડેલાં છે.

૫. નરમ ઉનનું ઢાંકણ મેંઢાંની પીઠ ઉપર ઉગે છે.

૬. માણસો તે ઉન કાપી લે છે અને તેનું કપડું બનાવે છે.

The Bird's Nest, (ધી બર્ડ્ઝ નેસ્ટ) પક્ષીનો માળો.

Bird's, (બર્ડ્ઝ) પક્ષીનો.
Nest, (નેસ્ટ) માળો.
Branch, (બ્રૅન્ચ) ડાંખળી, શાખા.
Almost, (ઑલ મોસ્ટ) ઘણોખરો.
Is hid, (ઇઝ હિડ) ઢંકાયલોછે.
Leaves, (લીવ્ઝ) પાંદડાં.
Is made, (ઇઝ મેડ) બનાવેલોછે.
Straw, (સ્ટ્રૉ) સુકુંઘાસ છલાં વગેરે, ઘાસના તણખલાં.
Tell, (ટેલ) કહો.
See, (સી) જોઉંછું.
Eggs, (એગ્સ) ઇંડાં.
Is away, (ઇઝ અવે) બહાર ગયલું છે.
Food, (ફૂડ) ચારો, ખોરાક.
Back, (બૅક) પાછું.
Flies, (ફ્લાઇઝ) ઉડીજાય છે.
Sits, (સિટસ) બેસેછે.
We, (ઉવી) હમે, આપણે.
Them, (ધેમ) તેમને.
Lucy, (લૂસિ) છોકરીનું નામ લૂસિ.
James, (જેમ્સ) છોકરાનું નામ જેમ્સ.
Went, (ઉવેન્ટ) ગયાં.
Every, (એવરિ) દરેક.
Till, (ટિલ) જ્યાંસુધી.
Were, (ઉવેર) હતાં.
Able, (એબલ) શક્તિવાન.
To fly, (ટૂ ફ્લાઇ) ઉડવાને.

૧. અહીંઆં એક ઝાડની ડાંખળીપર પક્ષીનો માળો છે. તે ઘણો-ખરો પાંદડાંઓથી ઢંકાઈ ગયલો છે.

૨. તે માળો સુકું ઘાસ છલાં અને નાની લાકડીઓનો બનેલો છે. અંદર જુઓ અને તમને જે દેખાય તે મને કહો.

૩. હું ત્રણ ઈંડાં જોઉં છું. તે પક્ષી ચારો લાવવા સારૂં બહાર ગયુંછે; પણ તે જલદીથી પાછું આવશે.

૪. જુઓ! ત્યાં તે આવે છે! તે પાછું માળા આગળ ઉડી જાયછે. હવે તે ઈંડાંઓ ઉપર બેસેછે.

૫. માળામાં જલદીથી નાનાં પક્ષીઓ [પેદા] થશે. કોઈ દહાડો આપણે તેમને જોવા આવશું.

૬. જ્યાં સુધી તે નાનાં પક્ષીઓ ઉડવાને શક્તિવાન થયાં ત્યા સુધી, લૂસિ અને જેમ્સ તેમને દરરોજ જોવા જતાં હતાં.

The Hen & Her Chicks, (ધી હેન ઍન્ડ હર ચિકસ)

કુકડી અને તેના પીલાં.

Hen, (હેન) મરઘી, કુકડી.
These, (ધીઝ) આ, આએ.
Are, (આર) છે.
Her, (હર) તેના, તેણીના.
Chicks, (ચિકસ) પીલાં, મરઘીના બચ્ચાં.
Three, (થ્રી) ત્રણ.
Two, (ટૂ) બે.
Call back, પાછાં બોલાવ.
Gives, (ગિવ્ઝ) આપેછે.
Let us look for one, ચાલો આપણે એક શોધી કાઢીએ.
Laid, (લેડ) મુક્યું.
No, (નો) નહિ.
Has no chicks, પીલાં નથી.
Must not take, લેવું નહિ જોઇએ.
She, (શી) તે, તેણી, પેલી.
Lays, (લેઝ) મુકે છે.
Some more, (સમ મોર) કેટલાંક વધારે.
Picks, (પિકસ) ઉંચકી લેછે.
Says, (સેઝ) કહેછે, બોલે છે.
Chickens, (ચિકન્સ) પીલાં, મરઘીના બચ્ચાં.

૧. આ એક મરઘી છે, અને આ તેનાં પીલાં છે. તેઓમાંનાં ત્રણ છે—એક, બે, ત્રણ.

૨. મરઘી, તેઓને પાછાં બોલાવ. જ્યારે તે તેઓને બોલાવે છે ત્યારે જુઓ તેઓ કેવાં દોડી જાય છે.

૩. મરઘી આપણને ઈંડાં આપે છે. ચાલો આપણે તેના માળામાંથી એક શોધી કાઢીએ. એક સુકાં ઘાસમાં છે.

૪. સફેદ મરઘીએ તે મુક્યું. તેણીને બચ્ચાં નથી.

૫. જ્યાં સુધી તે કેટલાંક વધારે મુકે ત્યાં સુધી આપણને તે લેવું નહિ જોઇએ.

જુઓ તે મરઘી અને તેનાં સઘળાં પીલાં; જે ખોરાક તે ઉંચકી લેછે તે ખોરાક તે તેઓને આપે છે. જ્યારે તે કહે છે " આવો, પીલાં આવો," ત્યારે તે નાનાં પીલાં તેણીની આગળ દોડી જાયછે.

The Cow, (ધી કાઊ) ગાય.

Cow, (કાઉ) ગાય.
Moo, (મૂ) ગાયનીપેઠે બરાડવું તે.
Fred, (ફ્રેડ) છોકરાનું નામ ફ્રેડ.
There has been rain, વરસાદ પડયોછે.
Rain, (રેન) વરસાદ, મેઘ.
Fresh, (ફ્રેશ) તાજું.
Green, (ગ્રીન) લીલું.
God, (ગૅાડ) ઇશ્વર, ખોદા.
Sends, (સૅન્ડઝ) મોકલેછે.
To make grow, (ટૂ મેક ગ્રો) ઉગાડવું.
Jane, (જેન) છોકરીનું નામ જેન.
Milk-maid, (મિલ્ક-મેડ) દુધ-દોહોનારી છોકરી, દુધવાળી.
To milk, (ટૂ મિલ્ક) દુધ દોહોવાને.
A drink, (એ ડ્રિંક) પીવું તે,પીવાનું.
Warm, (વૅારમ) (તાજું) ગરમ.
Good, (ગુડ) ભલો, સારો.

૧. આ ગાય છે. ગાય શું કહે છે તે તમે જાણોછો?

૨. તે "મૂ મૂ," કરી બોલેછે; અને નાનો ફ્રેડ તેને "મૂ" (બરાડતી) ગાય કરી કહેછે.

૩. ગાય બહાર ઘાસ ઉપરછે. વરસાદ પડયો છે. ઘાસ તાજું અને લીલું છે.

૪. ઇશ્વર ઘાસ ઉગાડવાને વરસાદ મોકલેછે. ગાય ઘાસ ખાય છે. ઘાસ તેનો ખોરાક છે.

૫. ગાય આપણને દુધ આપે છે. દુધ દોહોનારી છોકરી જેન ગાયને દુધ દોહોવાને જલદીથી આવશે.

૬. પછી ફ્રેડને સોજું (તાજું) ગરમ દૂધ પીવાને મળશે.

૭. ઘાસ ઉગાડવાને વરસાદ અને આપણને દુધ આપવા સારૂં ગાય; મોકલવાને ઇશ્વર કેવો ભલોછે.

Little Robin Red Breast, (લિટલ રૅાબિન રેડ બ્રેસ્ટ) નાનો રાતી છાતીવાળો રૅાબિન.

Robin, (રૅાબિન) એક જાતનું પક્ષી
Redbreast, (રેડ બ્રેસ્ટ) રાતી છાતીવાળો.
Sat, (સૅટ) બેઠો.
Upon, (અર્પૅાન) ઉપર.
Pussy Cat, (પુસિ કૅટ) બિલાડી બાઇ, મીનીબાઇ.
Ran away, (રૅન અવે) દોડી ગયું.
Hopped, (હૅાપ્ડ) કુદીને ગયો.
Wall, (ઉવૅાલ) ભીંત, દિવાલ.
Jumped, (જમ્પડ્) કુદી.
After, (આફ્ટર) પછવાડે, પાછળ.
Almost, (ઑલ મોસ્ટ) ઘણી ખરી, લગભગ.
Got a fall, (ગૅાટ એ ફૅાલ) પડી ગઇ.
Chirped, (ચર્પડ) ચીં ચીં કરી બોલ્યો, ચક ચક કીધું.
Aloud, (અલાઉડ) મોટેથી.
Did say, (ડિડ સે) કહ્યું.
Mew, (મ્યૂ) મ્યાઉં, મ્યાઉં.
Said mew, મ્યાઉં મ્યાઉં બોલી.
Flew away, (ફ્લ્યૂ અવે) ઉડી ગયો.

૧. નાનો રાતી છાતીવાળો રૅાબિન પક્ષી એક ઝાડ ઉપર બેઠો; બિલાડી બાઇ ઉપર ગઇ, અને તે નીચે ગયો.

૨. બિલાડી બાઈ નીચે આવી અને રૅાબિન દોડી ગયો; નાનો રાતી છાતીવાળો રૅાબિન બોલ્યો જો તારાથી પકડી શકાતું હોયતો મને પકડ.

૩. નાનો રાતી છાતીવાળો રૅાબિન ભીંત ઉપર કુદીને ગયો; બિલાડી બાઇ તેની પાછળ કુદીને ગઇ, અને ઘણીખરી પડી ગઈ.

૪. નાનો રૅાબિન ચીંચીં કરી મોટેથી બોલ્યો; અને બિલાડી બાઇએ શું કહ્યું ? બિલાડી બાઇ બોલી "મ્યાઉં" અને રૅાબિન ઉડી ગયો.

Nursery Rhymes, (નર્ સરિ રાઇમ્સ) છોકરાંઓની સંભાળ લેવાના ઠેકાણામાં ગવાતાં ગીતો.

Nursery, (નર્સરિ) છોકરાંઓની સંભાળ લેવાની જગ્યા.
Rhymes, (રાઇમ્સ) ગીતો, ગાયણો.
Hush a bye, (હશ એ બાઇ) મુંગું રહે.
Baby, (બેબિ) બચ્ચું, બાળક.

Tree-top, (ટ્રી ટૉપ્)ઝાડનું મથાળું.
Wind, (ઉવિન્ડ) પવન.
Blows, (બ્લોઝ) ફુંકેછે. (ફુંકશે)
Cradle, (ક્રેડલ) ઝોળી, પારણું.
Will rock, (ઉવિલ રૉક) હીલશે.
Bough, (બાઉ) ડાળી.
Breaks, (બ્રેક્સ) ભાગેછે,
(ભાગી જશે)
Will fall, (ઉવિલ ફૉલ) પડશે,
પડી જશે.
Down will come=Will
come down, નીચે આવશે.
Buckle, (બકલ) દોરી બાંધ,
ઓરિયું પો.
Four, (ફોર) ચાર.
Shut, (શટ) બંધકરો.

Door, (ડોર) બારણું.
Five, (ફાઇવ) પાંચ.
Six, (સિક્સ) છ.
Pick up, (પિકઅપ) ઉચકીલેવો.
Seven, (સેવન) સાત.
Eight, (એઇટ) આઠ.
Lay, (લે) મુકો.
Straight, (સ્ટ્રેટ) સીધી.
Nine, (નાઇન) નવ.
Ten, (ટેન) દશ.
Good, (ગુડ) સારી.
Fat, (ફૅટ) ચરબીદાર.
Caught, (કૉટ) પકડયું.
Hare, (હેર) સસલું.
Alive, (અલાઇવ) જીવતું.

૧. ઝાડના મથાલાંપરના બાળક મુંગું રહે! જ્યારે પવન ફુંકશે ત્યારે પારણું હીલશે! જ્યારે ડાળી ભાગી જશે ત્યારે પારણું પડી જશે–તે બાળક, પારણું, અને સઘળું નીચે આવશે.

૨. એક, બે, મારા જોડાને ઓરિયું પોવો. ત્રણ, ચાર, બારણું બંધ કરો. પાંચ, છ, લાકડીઓ ઉચકી લેવો. સાત, આઠ, તેઓને સીધી મુકો. નવ, દશ, એક સારી ચરબીદાર મરઘી.

૩. ૧, ૨, ૩, ૪, ૫, મે એક જીવતી સસલી પકડી.
૬, ૭, ૮, ૯, ૧૦, મે તેણીને પાછી જવા દીધી.

Sailing the Boat, (સેલિંગ ધી બોટ) મછવો હંકારવાની રમત.

Are wading, (આર ઉવેડિંગ) પાંણીમાં ચાલે છે.
Sea, (સી) સમુદ્ર, દરિયો, સાગર.
Boat, (બોટ) મછવો, હોડી.
Mast, (માસ્ટ) વહાણનો ડોલ.
Sail, (સેલ) સઢ.
Holds, (હોલ્ડઝ) પકડેછે.
String, (સ્ટ્રિંગ) દોરી.
Calm, (કામ) શાંત.
Very, (વેરિ) ઘણો.
Far off, (ફાર ઑફ) ઘણે દુર.
Sea bird, (સી બર્ડ)દરિયાઇપક્ષી.
High, (હાઇ) ઉંચે.
Air, (એર) હવા.
Is called, (ઇઝ કૉલ્ડ). બોલાવેછે.
Fred, (ફ્રેડ) છોકરાનું નામ ફ્રેડ
Sister, (સિસ્તર) બહેન.
Mary, (મેરિ) છોકરીનું નામ મેરિ.
Sail-To sail, હંકારવાને, હંકારતો.
Likes, (લાઇક્સ) ચાહેછે.
To help, (ટુ હેલ્પ) મદદ કરવાને.
Always, (ઑલઉવેઝ) હમેશાં.
Smile, (સ્માઇલ) હસવું.
Face, (ફેસ) મોઢું, મુખ, મો.
At home, (ઍટ હોમ) ઘેરમાં.
Sun shine, (સન શાઇન) સૂર્યનો તેજ.

૧. અહિંઆં એક છોકરો અને છોકરી દરિયામાં પાણીમાં ચાલે છે.
૨. તે છોકરા પાસે તેનો નાનો મછવો તેની સાથે છે. તે મછવાને ડોલ અને સઢ છે.
૩. તે દોરીથી મછવાને પકડે છે. તે નાની છોકરી કહેછે, "ફુંક, પવન, ફુંક; તે વહાણને ચલાવ!"
૪. દરિયો ઘણો શાંત છે. ઘણે દુર હવામાં ઉંચે એક દરિયાઈ પક્ષી છે.
૫. તે નાના છોકરાને ફ્રેડ કરીને બોલાવે છે. તે નાની છોકરી તેની બહેન છે. તેણીનું નામ મેરિ છે.
૬. તેણી ફ્રેડને તેનો મછવો હંકારતો જોવાને આવી છે. જ્યારે તેણીથી બની શકે ત્યારે તેણી તેને મદદ કરવાને ચાહે છે.
૭. મેરિ પોતાનું મોઢું હમેશાં હસતું રાખે છે. ઘેરમાં તેણીને નાનો સૂર્યનો તેજ કરી કહેછે.

Long time Ago, (લૉંગ ટાઇમ અગો) લાંબા વખતપર.

Once, (ઉવન્સ) એક વખત.
Kitty, (કિટિ) બિલાડીનું નામ કિટિ.
Whiter, (ઉવ્હાઇટર) વધારે સફેદ.
Than, (ધૅન) કરતાં.
Snow, (સ્નો) બરફ.
Barn, (બાર્ન) કોઠાર, વખાર.
Used to frolic, નાચતીકુદતીહતી.
Used, (યુસ્ડ) ટેવ પડી હતી.
Frolic, (ફ્રૉલિક) નાચવા, કુદવાની.
Ago, (અગો) ઉપરે, અગાઉ.
Mousie, (માઉસી) ઉંદરડી.
To and fro, (ટૂ ઍન્ડ ફ્રો) આમ તેમ.
Heard (હર્ડ) સાંભળ્યું.
Coming, (કમિંગ) આવતાં.
Eyes, (આઇઝ) આંખો

Black, (બ્લૅક) કાળી.
As, (ઍઝ) જેમ, જેવી.
Sloe, (સ્લો) કાળું ફળ, નાનું જંગલી આળું.
Spied, (સ્પાઇડ) જોઇ દીઠી.
Dough, (ડો) મસળેલો આટો.
Caught, (કૉટ) પકડી.
Teeth, (ટીથ) દાંતો.
Row, (રો) હાર.
Bit, (બિટ) કરડી.
Cried, (ક્રાઇડ) બુમ પાડી.
Oh, (ઓહ) અરે.
Got away, (ગૉટ અવે) દુર જતી રહી.
From, (ફ્રૉમ) થી, માંથી, પાસેથી.

૧. એક વખત એક નાની કિટિ નામની બિલાડી બરફ કરતાં વધારે સફેદ હતી. લાંબા વખત ઉપર તેણી એક કોઠારમાં નાચતી કુદતી હતા.

૨. તે કોઠારમાં એક નાની ઉંદરડી આમ તેમ દોડતી હતી. કારણ કે લાંબા વખત ઉપર તેણીએ તે કિટિને આવતાં સાંભળી હતી.

૩. તે નાની કિટિને કાળાં ફળના જેવી કાળી બે આંખો હતી. અને તેઓએ (આંખોએ) તે નાની ઉંદરડીને લાંબા વખત ઉપર દીઠી હતી.

૪. તે નાની કિટિ બિલાડીને મસળેલા આટા જેવા નરમ ચાર પંજા હતા. અને તેઓએ (પંજાઓએ) લાંબા વખત ઉપર તે નાની ઉંદરડીને પકડી હતી.

૫. તે નાની કિટિ બિલાડીને એક હારમાં સઘળા (મળી) દાંતો નવ હતા. અને તેઓએ (દાંતોએ) લાંબા વખત ઉપર તે નાની ઉંદરડીને કરડી હતી.

૬. જ્યારે તે દાંતોએ તે નાની ઉંદરડીને કરડી ત્યારે તે નાની ઉંદરડીએ બુમ પાડી. "અરે!" પણ તે લાંબા વખત ઉપર કિટિ આગલથી દુર જતી રહી.

The Little Milk-Maid, (ધી લિટલ મિલ્ક-મેડ) નાની દુધ દોહોનારી છોડી.

Am going, (ઍમ ગોઇંગ) જાઉંછું.
Milk pail, (મિલ્ક પેલ) દુધનું વાસણ; દુધની તાંબડી; દોહણી.
Stool, (સ્ટૂલ) ટુલ, પગ ટેકવવાની પાટલી.
Milking, (મિલ્કિંગ) દુધ દોહોવું, દોહોતાં.
Field, (ફીલ્ડ) ખેતર.
Knows, (નોઝ) ઓાલખે છે.
Never, (નેવર) કદી નહિ.
Moves, (મુવ્ઝ) હીલે છે.
Quite, (કવાઇટ) તદન, કેવળ.
Full, (ફુલ) ભરેલું.
Sweet, (સ્વીટ) મીઠું.
Fond, (ફૅાન્ડ) સોખીન.
Speak, (સ્પીક) બોલવું.
Teach, (ટીચ) શિખવું.
Thank, (થૅન્ક) ઉપકાર માનવો.
Pretty, (પ્રિતિ) સુંદર.
Made, (મેડ) કીધું, કર્યું, બનાવ્યું.
Rich, (રિચ) સરસ, મીઠું, લેઝટદાર.
Soak, (સોક) ભીજવવું.
Bread, (બ્રેડ) રોટલી.
Every, (એવરિ) દરએક.
Morn. (મૅાર્ન) સવાર, પરોઢીઉં.
Night, (નાઇટ) રાત.
Fresh, (ફ્રેશ) તાજું.
Warm, (ઉવૅાર્મ) ગરમ.
White, (ઉવ્હાઇટ) સુફેદ.

૧. છોકરાઓ અને છોકરીઓ, મારી તરફ જુઓ. હું એક નાની દુધ દોહોનારી છોડી છું. હું મારાં દુધના વાસણ અને મારાં ટુલ સાથે ઘેર જાઉં છું.

૨. હું ગાયને દુધ દોહોવાના કામમાં લાગેલી છું. તમે તેણીને ખેતરમાં ઘાસ ઉપર જોઇ શકોછો.

૩. તે ગાય મને ઓળખે છે. જ્યારે હું તેણીને દોહોવું છું ત્યારે તેણી કદીએ હીલતી નથી.
૪. હવે મારૂં વાસણ સ્વાદિષ્ટ મીઠાં દુધથી તદન ભરાઇ ગયું છે.
૫. ન્હાનું બાળક દુધનું ઘણું શોખીન હોય છે. જ્યારે તે બોલી શકશે ત્યારે હું તેને કહેવાને શિખવીશ—
દરેક સવારે અને દરેક રાતે મારો રોટલો ભીજવવાને તાજું અને ગરમ અને મીઠું અને સફેદ સરસ લેઝટદાર દુધ જે સુંદર ગાયે બનાવ્યું, તેનો હું ઉપકાર માનુંછું.

The Swing. (ધી સ્વિંગ) હીંચકો.

Lucy, (લુસિ) છોકરીનું નામ લુસિ.
Garden, (ગાર્ડન) વાડી, બાગ.
Seat, (સીટ) બેઠક.
Wood, (વુડ) લાકડું.
Both, (બોથ) બેઉ, બંને.
Is afraid, (ઇઝ અફ્રેડ) બીહેછે.
Will take, (વિલ ટેક) લેશે.
Care, (કેર) સંભાળ.
Will keep, (વિલ કીપ) બચાવશે, રાખશે.
Falling, (ફૉલિંગ) પડતાં.
Sits, (સિટસ) બેસેછે.
Rope, (રોપ) દોરડું.
Ready, (રેડિ) તૈયાર.
Down, (ડાઉન) નીચે.

૧. ફ્રેડ અને તેની બહેન લુસિ બાગમાં હીંચકા ઉપર છે.
૨. જુઓ તેને લાકડાની મજાની મોટી બેઠક છે. તે એટલી તો મોટી છે કે તે તેઓ બેઉને સમાવે છે.
૩. લુસિ હીંચકા ઉપર આજે પેહેલ વેહેલીજ બેઠી છે, તેથી તે જરા બીવેલી છે.
૪. પણ ફ્રેડ તેણીની સંભાળ લેશે, અને તેણીને પડતી બચાવશે.
૫. જ્યારે તે તેની બાજુએ બેસે છે અને દોરડાંને પકડી રાખે છે ત્યારે તેણીની તરફ જુઓ.
૬. જ્યારે સઘળું તૈયાર હોય છે, ત્યારે ફ્રેડ કહેછે, એક, બે, ત્રણ અને ચાલો! ઉપર અને નીચે, આપણે આગળ જઇએ; અહીંઆ આપણે આમતેમ હીંચકા ખાઇએ.

The Pet Lamb. (ધી પેટ લૅમ્બ) લાડકું હુલવાન.

Saw, (સૅા) જોયાં, દીઠાં.	Father, (ફાધર) બાપ, પિતા.
Sheep, (શીપ) મેંઢું, ઘેટું.	Gave, (ગેવ) આપ્યું.
Lambs(લૅમ્બ્સ) ઘેટાંનાં નાનાંબચ્ચાં	Grew, (ગ્રીયૂ) મોટું થયું.
Had read, (હૅડ રેડ) વાંચ્યું હતું	Grew tame, (ગ્રીયૂ ટેમ)હળી ગયું.
About, (અબાઉટ) વિશે.	Tame, (ટેમ) પાળેલું.
Wish, (ઉવિશ) ઇચ્છું છું.	Learned, (લર્ન્ડ) શિખ્યું.
I had, (આઇ હૅડ) મારી પાસે હોય	Know, (નો) ઓળખવું, જાણવું.
To follow, (ટૂ ફૅાલો) પાછળ ચાલવાને. [બરફ જેવી સફેદ	Would run, (ઉડ રન) દોડી જતું.
	Would walk,(ઉડ ઉવૅાક) ચાલતું.
Snow-white, (સ્નો-ઉવ્હાઇટ)	Arm, (આર્મ) હાથ.
Coat, (કોટ) દગલો, ઢાંકણ.	Round, (રાઉન્ડ) આસપાસ.
Feed, (ફીડ) ખવડાવવું.	Neck, (નેક) ગરદન.

૧. લુસિએ મેંઢું અને નાનાં મેંઢાંનાં બચ્ચાંને ખેતરમાં દીઠાં.

૨. તેણીએ નિશાળમાં મેરિ અને તેણીનાં નાનાં મેંઢાંનાં બચ્ચાં વિશે તેણીની ચોપડીમાં વાંચ્યું હતું.

૩. તેણી બોલી, "મારી પુઠે ચાલવાને એક નાનું મેંઢું, દુધ અને રોટલી ખવડાવવાને બરફ જેવી સફેદ ચામડીવાળું નાનું મેંઢું મારી પાસે હોય એમ હું ઇચ્છું છું."

૪. તેણીના બાપે તેણીને એક નાનું મેંઢાંનું બચ્ચું આપ્યું હતું, તે જલદીથી તદ્દન હળી ગયું, અને લુસિને ઓળખવા શિખ્યું.

૫. જ્યારે દરરોજ તેણી નિશાળેથી આવતી ત્યારે તે તેણીની પાસે દોડી જતું, અને તેણીની બાજુએ ચાલતું.

૬. તે નાનાં મેંઢાંનાં બચ્ચાંની ગરદનની આસપાસ પોતાના હાથ સાથે આ રહી તે ઘાસ ઉપર છે.

Going for a drive. (ગોઇંગ ફૅાર એ ડ્રાઇવ) ગાડીમાં ફરવા જવાની રમત.

John, (જૉન) છોકરાનું નામ જૉન.	ફરવા જવું તે.
Is going, (ઇઝ ગોઇંગ) જાય છે.	Happy, (હપિ) સુખી.
A drive, (એ ડ્રાઇવ) ગાડીમાં	Looks, (લુક્સ) દેખાય છે.

Whip, (હ્વિપ) ચાબકો, કોરડો.
Chair, (ચેર) ખુરસી.
Coach, (કોચ) ગાડી.
Piece, (પીસ) કકડો, ટુકડો.
Tape, (ટેપ) દોરી, ફીત, નાડું, પાટી.
Rein, (રેન) લગામ.
Own, (ઓન) પોતાનો.
Horse, (હૉર્સ) ઘોડો.
Rocking-horse. (રૉકિંગ હૉર્સ) ઝોલા ખાતો ઘોડો.
Lady, (લેડિ) બાઇ.
Inside, (ઇન્સાઇડ) માંહેલી બાજુ.
Doll, (ડૉલ) ઢીંગલી, પૂતળી.
Out, (આઉટ) બહાર.
Driver, (ડ્રાઇવર) હાંકનાર.
Sat, (સૅટ) બેસે છે, બેઠો છે.
Merry, (મેરિ) ખુશાલ, આનંદી.
Face, (ફેસ) મોઢું, મુખ, મો.
Brown, (બ્રઉન) ભુરૂં.
Paper, (પેપર) કાગળ, કાગજ.
Hat, (હૅટ) ટોપી.
Took, (ટૂક) લીધું.
Smile, (સ્મઇલ) હસતા.
Did say, (ડિડ સે) કહ્યું.
Please, (પ્લીઝ) મેહેરબાની કરીને.
Get into, (ગેટ ઇન્ટૂ)અંદર આવો.
Town, (ટાઉન) શેહેર.
To-day, (ટુ ડે) આજે.

૧. જૉન કહે છે કે તે ગાડીમાં ફરવા જવાનો છે. પોતાના હાથમાં ચાબકા સાથે તે કેવો સુખી દેખાય છે.
૨. તેની પાસે ગાડીને બદલે ખુરસી અને લગામ ને બદલે ફીટનો કકડો છે.
૩. ઘોડો તો તેનો પોતાનો ઝોલા ખાવાનો ઘોડો છે.
૪. તે ગાડી માંહેલી બાઈ તેની બહેનની મોટી ઢીંગલી છે.
૫. જૉને ખુરશીની ગાડી બનાવી, અને ત્યાર પછી હાંકનારની માફક બેઠો. જુઓ તે પોતાની ભુરાં કાગળની ટોપી પહેરીને ખુશાલ મો સાથે કેવો બેઠો છે.
૬. તેણે પોતાની નાની બહેનની ઢીંગલી લીધી, અને હસીને કહ્યું, મહેરબાની કરીને મારી ગાડીમાં આવો, અને આપણે આજે શેહેર તરફ હાંકી જઇશું.

Lucy and her Kitten. (લુસિ ઍન્ડ હર કિટન) લુસિ અને તેણીનું બિલાડીનું બચ્ચું.

Present, (પ્રેઝન્ટ) ભેટ, બક્ષીસ.
Had given, (હૅડ ગિવન) આપવામાં આવી હતી.
Kitten, (કિટન) બિલાડીનું બચ્ચું.
Topsy, (ટૉપ્સિ) બિલાડીનું નામ ટૉપ્સિ.
Some, (સમ) થોડું.
Every day, (એવરિ ડે) દરરોજ.
Cup, (કપ) પ્યાલું.
Wants, (વૉન્ટસ) જોઇએ છે, જ-

૩૨ પડે છે.
Rings,(રિંગ્સ)વજાડે છે, વગાડે છે.
Bell, (બેલ) ઘંટ.
Hears, (હિર્ઝ) સાંભળે છે.
At, (ઍટ) તરફ.
Sound, (સાઉન્ડ) અવાજ.
At once, (ઍટ ઉવન્સ) એકદમ.
Is made of, (ઇઝ મેડ ઑફ) બનાવી છે.
Brass, (બ્રાસ) પિત્તળ.
Dinner-bell, (ડિનર-બેલ) ખાણાંનો ઘંટ.

૧. આ નાની છોકરીનું નાંમ લુસિ છે.
૨. એક દીવસે તેણીને બિલાડીના બચ્ચાંની બક્ષીસ આપવામાં આવી હતી.
૩. તે એક ભુરા રંગનું બિલાડીનું બચ્ચું હતું, અને તેણી તેને ટૉપ્સિ કરી બોલાવતી હતી.
૪. ટૉપ્સિ દૂધની ઘણી શોખીન છે, અને લુસિ તેણીને દરરોજ એક પ્યાલાંમાં થોડું આપે છે.
૫. જ્યારે ટૉપ્સિને લુસિ દુધ પીવા આપવાને સારૂં બોલાવવાની હોય છે, ત્યારે તેણી એક નાનો ઘંટ વજાડે છે.
૬. તમે તે ઘંટ તેણીના હાથમાં જુઓ છો ? વગાડ, વગાડ, વગાડ ! તે બિલાડીનું બચ્ચું તે સાંભળે છે.
૭. તે ઘંટના અવાજથી ટૉપ્સિ એકદમ લુસિની આગળ દોડી જાય છે.
૮. તે ઘંટ પિત્તળનો બનાવેલો છે. લુસિ તેને ટૉપ્સિના ખાણાંનો ઘંટ કહે છે.

A bathe in the Sea. (એ બેથ ઇન ધી સી) દરિયામાં ન્હાવાની રમત.

James, (જેમ્સ) છોકરાનું નામ જેમ્સ.
Nelly, (નેલિ) છોકરીનું નામ નેલિ.
Sea side, (સીસાઇડ) દરિયાકીનારો.
Warm, (ઉવૉર્મ) ગરમ.
Sands, (સૅન્ડ્ઝ) રેતી.
Are bathing, (આર બેધિંગ) ન્હાય છે.
Each other's, (ઇચ અધર્સ) એક બીજાનાં.
Only, (ઑન્લિ) માત્ર, ફક્ત.
Dip, (ડિપ) ડુબકી, બુડકી.
Sight, (સાઇટ) નજર.
Moment, (મોમેન્ટ) પળ.
Again, (અગેન) ફરીથી.
Great, (ગ્રેટ) ઘણી, મોટી.
Learn, (લર્ન) શિખવું.
Fear, (ફીયર) બીહીવું.
Himself, (હિમસેલ્ફ) પોતાની મેળે.
Also, (ઓલસો) વળી, પણ.
Swim, (સ્વિમ) તરવું.

૧. જેમ્સ અને તેની બહેન નેલિ દરિયે કીનારે છે.
૨. હમણા દિવસો ગરમ છે. દરરોજ સવારના તેઓ નીચે રેતી ઉપર (ફરવા) જાય છે.
૩. હમણા તેઓ દરિયામાં ન્હાય છે.
૪. જુઓ તેઓ કેવાં એક બીજાના હાથો પકડી રાખે છે. જેમ્સ બીહે છે. તે માત્ર એક નાનો છોકરો છે.
૫. હવે તેઓ બુડકી મારવા માટે તૈયાર છે. નેલિ બોલે છે, " એક, બે, ત્રણ !" અને તેઓ તદન નજરની બહાર નીચે જાય છે.
૬. એક પળમાં તેઓ પાછાં ઉપર (આવે) છે. નેલિ તેણીના નાના ભાઈની ઘણી સંભાળ લે છે.
૭. જેમ્સ જલદીથી નહિ બિહિવાને શિખશે. ત્યાર પછી તે પોતાની મેળે [ન્હાશે, અને વળી તરતાં શિખશે.

The Tea-Ship. (થી ટી શિપ) ચાનું વહાણ.

Ship, (શિપ) વહાણ.
Sailing, (સેલિંગ) દરિયામાં હંકારી જતું.
White, (ઉવ્હાઇટ) સફેદ.
Sails, (સેલ્સ) સઢો.
Tall, (ટૉલ) ઉંચા.
Masts, (માસ્ટસ) વહાણના ડોળો.
Cuts, (કટસ) કાપે છે.
Through, (થ્રુ) માં, આરપાર.
Waves, (ઉવેવ્ઝ) મોજા.
Cuts through the waves, મોજામાંથી ચાલ્યું જાય છે.
Near, (નીઅર) નજદીક. પાસે
Home, (હોમ) સ્વદેશ, વતન.
Field, (ફિલ્ડ) ભરેલું.
Boxes, (બૉક્સીસ) પેટીઓ.
Land, (લૅન્ડ) જમીન, દેશ.
Far, (ફાર) દુર.
Over, (ઓવર) ઉપર.
Do you know ? (ડૂ યૂ નો ?) તમે જાણો છો ?
Leaf, (લીફ) પાંદડું.
Small, (સ્મૉલ) નાનાં.
Tree, (ટ્રી) ઝાડ.
Pick, (પિક) વિણી લે છે.
Leaves, (લીવ્ઝ) પાંદડાં.
Dry, (ડ્રાઇ) સુકવે છે.
Put, (પુટ) મુકે છે.
Brings, (બ્રિંગ્સ) લાવે છે.
Us, (અસ) આપણી.

૧. અહીંઆં એક મોટું વહાણ દરિયામાં હંકારી જાય છે.
૨. તમે દોરડાં, અને સફેદ સઢો અને ઉંચા વહાણના ડોળો જુઓ છો ?
૩. સારાં વહાણ, આગળ હંકાર ! જુઓ તે મોજામાંથી કેવું ચાલ્યું જાય છે.

૪. તે લાંબા વખતનું નિકળેલું છે; અને હમણા તે વતનની નજદીક આવ્યું છે.
૫. તે દરિયા ઉપરના દુરના દેશમાંથી ચાહેની પેટીઓથી ભરાયલું છે.
૬. તમે જાણો છો ચાહ શું છે? ચાહ એક નાના ઝાડનું પાંદડું છે
૭. માણસો પાંદડાં ઉંચકી લે છે, અને તેમને સુકવે છે. ત્યાર પછી તેઓ તેમને પેટીઓમાં મુકે છે; અને વહાણો તેમને આપણી આગળ લઈ આવે છે.

The Rocking-Horse. (ધી રૉકિંગ હૉર્સ) ઝોલા ખાવાનો ઘોડો.

Likes, (લાઇક્સ) ગમે છે, ચાહે છે.
Ride, (રાઇડ) સ્વારી કરવી.
Back, (બૅક) પીઠ.
Head, (હેડ) માથું.
Rocked, (રૉકડ) ઝોલા ખાધા.
So far, (સો ફાર) એટલા સુધી.
Fell, (ફૅલ) પડી ગયો. [એટલે વેર.
Bad, (બૅડ) ખરાબ.
Fall, (ફૅાલ) પડવું.
Brave, (બ્રેવ) હિમ્મતવાન, બહાદુર.
Did not cry, (ડિડ નૉટ ક્રાઇ) રડયો નહિ.
Better, (બૅટર) વધારે સારી.
Rides, (રાઇડસ) સ્વારી કરે છે.
Without, (ઉવિધાઉટ) વગર.
Sometimes, (સમટાઇમ્સ) કોઇ કોઇ વખત. [આર્થર.
Arthur, (આર્થર) છોકરાનું નામ
Rocks, (રૉકસ) ઝોલા ખવાડે છે.
Down, (ડાઉન) નીચે.

૧. જેમ્સ પાસે એક ઝોલા ખાવાનો ઘોડો છે.
૨. તેને તેની ઉપર સ્વારી કરવા ગમે છે.
અહીંઆં તે તેની પીઠ ઉપર છે. [તે જુઓ છો ?
૩. તેણે પોતાના માથાં ઉપર એક કાગળની ટોપી (પહેરી) છે. તમે
૪. એક દહાડે તેણે એટલા તો ઝોલા ખાધા કે તે ઘોડાના માથાં ઉપર થઇને પડયો! [અને તે રડયો નહિ.
૫. તે ઘણી ખરાબ રીતે પડયો હતો ; પણ તે એક બ્હાદુર છોકરો છે,
૬. તે હમણા વધારે સારી સંભાળ લેછે. તે વગર ધાસ્તીએ સવારી કરેછે.
૭. કોઇ કોઈ વખત તેનો નાનો ભાઇ આર્થર તે ઘોડા ઉપર સવારી કરે છે. [ઝોલા ખવાડે છે.
૮. તેની મા તેને ઉપર પકડી રાખેછે, અને જેમ્સ ઘોડાને ઉપર અને નીચે

Elf with a Letter. (એલ્ફ ઉવિથ એ લેટર) પત્ર સાથનો એલ્ફ કુતરો.

Dog Elf, (ડૉગ એલ્ફ) કુતરો એલ્ફ.
Elf, (એલ્ફ) કુતરાનું નામ એલ્ફ.
Letter, (લેટર) પત્ર, કાગળ.
This, (ધિસ) આ, આએ.
Our, (અવર) આપણો.
Taught, (ટૉટ) શિખવ્યું.
A great many, (એ ગ્રેટ મૅનિ) ઘણીક.
Things. (થિન્ગ્સ) ચીજો.
Often, (ઑફ્ન) વારંવાર.
Goes, (ગોઝ) જાય છે.
Meet, (મીટ) મળવું.
Post-man, (પોસ્ટ-મૅન) ટપાલનો માણસ, ડાગવાળો.
Morning, (મૉરનિંગ) સવાર, પ્રભાત.
Mouth, (માઉથ) મ્હો, મ્હોડું.
Is standing up, (ઇઝ સ્ટૅન્ડિન્ગ અપ) ઉભો રહેલો છે.

૧. આએ અમારો નાનો કુતરો એલ્ફ છે. તે એક સારો કુતરો છે.
૨. અમે તેને ઘણીક ચીજો કરવાને શિખવ્યો છે.
૩. તે ટપાલવાળાને સામો મળવા જાય છે. આજ સવારે આર્થર ઉપર એક પત્ર આવ્યો હતો.
૪. એલ્ફના મ્હોંડામાં તે પત્ર છે, અને તે આર્થરને આપવાને ઉભો રહેલોછે.

Feeding the Hens. (ફીડિંગ ધી હેન્સ) મરઘીઓને ખવડાવવા વિશે.

Chick, (ચિક) પીલાં.
Calls out, (કૉલ્ઝ આઉટ) મોટેથી બુમ પાડીને બોલે છે.
Susy, (સુસિ) છોકરીનું નામ સુસિ.
Standing, (સ્ટૅન્ડિન્ગ) ઉભેલી.
Gate, (ગેટ) દરવાજો.
Farm-yard, (ફાર્મ યાર્ડ) ખેતરનો વાડો.
Chickens, (ચિકન્ઝ) મરઘીના બચ્ચાં, પીલાં. [કુકડા.
Crumbs, (ક્રમ્ઝ) રોટલીના ટુકડા,
Throws, (થ્રોઝ) નાખે છે, ફેંકે છે.
Ground, (ગ્રાઉન્ડ) જમીન.
Fowls, (ફાઉલ્ઝ) મરઘાં, બતકાં.
Pick up, (પિક અપ) વિણી લેછે.
Busy, (બિઝિ) ઉદ્યોગી, મહેનતું.
Even, (ઇવન) વળી.
Do their best, (ડૂ ધિર બૅસ્ટ) તેઓથી બનતું કરે છે.
Basket, (બાસકેટ) ટોપલી.
Nests, (નેસ્ટસ) માળા.
Full, (ફુલ) ભરેલી.

૧. નાની સુસિ મોટેથી બુમ પાડીને બોલે છે, "પિલાં ! પિલાં ! પિલાં !" પેલી રહી તે ખેતરના વાડાના દરવાજા આગળ ઉભેલી છે.

૨. સઘળી મરઘી અને પિલાં તેણીની આગળ દોડી જાય છે.

૩. સુસિ પોતાના હાથમાં થોડા રોટલીના ટુકડા લે છે. તેણી તેમને (રોટલીના ટુકડાને) જમીન ઉપર મરઘાં બટકાંને વિણી લેવાને સારૂં નાખે છે.

૪. તેઓ સઘળાં કેવાં કામમાં ગુંતાઇ ગયાં છે ! વળી નાનાં પિલાંબી કાંઈ મેળવવાને તેઓથી બનતું કરે છે.

૫. સુસિ તે મોટી મરઘીઓને સઘળા રોટલીના ટુકડા લેવા દેશે નહિ.

૬. દરરોજ સુસિ એક ટોપલી લે છે અને મરઘીઓના માળાઓ આગળ જાય છે.

૭. કોઇ કોઇ વખત તેણીની ટોપલી સારાં તાજાં ઇંડાંથી ભરેલી હોય છે.

Evening Hymn, (ઈવનિંગ હિમ) સાંજનું ઈશ્વરની પ્રાર્થનાનું ગીત.

Evening, (ઇવનિંગ) સાંજ.
Yonder. (યૉનડર) પેલી તરફ, પેલી મેર.
Sky, (સ્કાઇ) આકાશ.
Pure, (પ્યૂર) સ્વચ્છ.
Bright, (બ્રાઇટ) ચળકતાં.
High, (હાઈ) ઉંચે.
Sees, (સીઝ) જોય છે.
Cares, (કેર્સ) સંભાળ રાખે છે.
Tis, (ટિસ) It is, તે છે.
Daily, (ડેલિ) દરરોજ.
Provides, (પ્રોવાઇડ્ઝ)પુરૂંપાડે છે.
Want, (વૉન્ટ) જોઇએ
Besides, (બીસાઇડ્ઝ) સિવાય.
Close, (ક્લોઝ) બંધ કરવું.
Sleeping, (સ્લીપિંગ) ઉંઘતી.
Rest, (રેસ્ટ) આશાએસ લઉં છું.
Peace, (પીસ) નીરાંત, કરાર.
In peace, નીરાંતે, કરારથી.
Nigh, (નાઇ) નજદીક, પાસે.
For ever, (ફૉર એવર) હંમેશ સુધી.
Gracious, (ગ્રેશિયસ) કૃપાળુ.
Reigns, (રેન્ઝ) રાજ કરે છે.
Above, (અબવ) ઉપર.
Indeed, (ઇન્ડીડ) ખરેખર.
To love, (ટૂ લવ) ચહાવું.
Like, (લાઇક) માફક.

૧. જ્યારે હું આવાં સ્વચ્છ, આવાં ચળકતાં, આવાં અતિ ઉંચાં,

પેલી મેરના આકાશ તરફ ઉપર જોઉં છું, ત્યારે હું એક (ઇશ્વર) કે જેને હું જોઈ શકતો નથી, પણ એક જે મને જોય છે અને મારી સંભાળ રાખે છે તેને વિશે હું વિચાર કરૂં છું.

૨. તે તે છે કે જે મારો દરરોજનો ખોરાક અને તે વતરોગે જે સઘળાંની મને ગરજ પડી શકે તે મને પુરૂં પાડે છે; અને જ્યારે હું મારી ઉંઘતી આંખ બંધ કરૂં છું, ત્યારે હું કરારથી, આશાએસ લઉં છું, કારણ કે તે (ખોદા) નજદીક છે.

૩. ત્યારે આ કૃપાળુ પરમેશ્વર કે જે ઉપર રાજ કરે છે, તેને શું હું હંમેશ સુધી નહિ ચાહીશ? કારણ કે મારાં જેવાં એક નાનાં બચ્ચાંને ચહાવાને ખરેખર તે ઘણો ભલો છે.

Cat, (કૅટ) બિલાડી.
Hat, (હૅટ) ઉભી ટોપી.
That, (ધૅટ) તે, જે, કે.
Lad, (લૅડ) છોકરો.
Glad, (ગ્લૅડ) ખુશી, આનંદ.
Tax, (ટૅક્સ) કર, જકાત.
Flax, (ફ્લૅક્સ) સણ.
Rag, (રૅગ) ચીથરૂં.
Crag (ક્રૅગ) ખડક, કરાડ.
Ham, (હૅમ) ઘુંટણનુ તળીયું, મીઠું દેઇનેસુકવેલી ડુકકરનીજાંગ.
Sham, (શૅમ) ઠગાઇ, ઢોંગ, *a.* જુઠું.
Hank, (હૅન્ક) સુતરની દડી, સીવવાના દોરાની દડી.
Thank, (થૅન્ક) આભાર માનવો.
Fan, (ફૅન) પંખો.
Pan, (પૅન) પેણો, કઢાઈ.
Span, (સ્પૅન) વેહેંત, બિલસ.
Rang, (રૅન્ગ) વગાડયું.
Sang, (સૅન્ગ) ગાયું.

Cab (કૅબ) એ કિવાં ચાર પૈડાંની ગાડી, બગી.
Crab, (ક્રૅબ) કરચલો, કાચબો.
Back, (બૅક) વાંસો, પીઠ.
Black, (બ્લૅક) કાળું.
Hand, (હૅન્ડ) હાથ.
Stand, (સ્ટૅન્ડ) ઉભા રહેવું.
Mast (માસ્ટ) વહાણનું ડોળ.
Cast, (કાસ્ટ) ફેંકવું, વાવવું.
Cap, (કૅપ) ટોપી.
Nap, (નૅપ) ઉંઘનો ઝોકો.
Snap, (સ્નૅપ) ઝુંટી લેવું.
Damp, (ડૅમ્પ) શરદી.
Camp, (કૅમ્પ) છાવણી.
Ask, (આસ્ક) પુછવું.
Task, (ટાસ્ક) સોંપેલું કામ, ધડો.
Pass, (પાસ) રસ્તો, પરવાનો, પસારકરવું
Grass, (ગ્રાસ) ઘાસ.
Latch, (લૅચ) અડગરો.
Catch (કૅચ) પકડવું.

Dance, (ડૅન્સ) નાચ, રંગ રાગ.
Lance, (લૅન્સ) ભાલો, બરછી.
Pail, (પેલ) ડોલ, તાંબડી, પીપ.
Nail, (નેલ) પંજો, નખ, ખીલો.
Snail, (સ્નેલ) ગોકળગાય.
Hair, (હેર) બાલ, વાળ.
Chair, (ચેર) ખુરસી.
Rain, (રેન) વરસાદ.
Grain, (ગ્રેન) દાણો, અનાજ.
Faint, (ફેન્ટ) નબળું, ફિકું.
Paint, (પેન્ટ)રંગવું, ઝોબાઇજવું.
Maid, (મેડ) કુમારિકા, ચાકરડી.
Paid, (પેડ)ચુકવ્યું,પગાર આપ્યો.
Claim, (ક્લેમ) હક, દાવો.
Faith, (ફેથ) વિશ્વાસ, ભરોસો.
Gate, (ગેટ) દરવાજો.
Late, (લેટ) મોડું, મરહુમ.
Slate, (સ્લેટ) પથ્થર પાટી.
Sake, (સેક) કારણ, ખાતર,
Shake, (શેક) હલાવવું, ધ્રૂજાવવું.
Sale, (સેલ) વેચાણ.
Tale, (તેલ) વાર્તા.
Made, (મેડ) કીધું, કર્યું, બનાવ્યું.
Spade, (સ્પેડ) કોદાળી.
Care, (કેર) સંભાળ.
Share, (શેર) ફાલો, ભાગ.
Save, (સેવ) બચાવવું.
Slave, (સ્લેવ) ગુલામ.
Cage, (કેજ) પાંજરૂં, કેદખાનું, દાદરનો કઠેરો.
Page, (પેજ) નોકર, પાનું.

Rage, (રેજ) ગુસ્સો.
Lame, (લેમ) લંગડો, લુલો.
Blame, (બ્લેમ) ઠપકો.
Tape, (ટેપ)ફીટ, પાટી..
Shape, (શેપ) ઘાટ, આકાર.
Lace, લેશ) ફીટ, કીનારી, પટી.
Place, (પ્લેસ) જગ્યા, મૂક.
Haste, (હેસ્ટ) ઉતાવળ.
Taste, (ટેસ્ટ) લેહેજત, સવાદ.
Pay, (પે) પગાર આપવો, ચુકવવું.
Play, (પ્લે)રમત, ખેલ, તમાસો.
Hen, (હેન) મરઘી.
Then, (ધેન) પછી, ત્યારપછી.
Hem. (હેમ) ઓટેલી કોર, ખંખારો, ઓતવું.
Them, (ધેમ) તેમને, તેઓને.
Less, (લેસ) ઓછું, કમ.
Bless, (બ્લેસ) આસીરવાદ દેવો.
Lest, (લેસ્ટ) રખેને, કદાપી.
Blest, (બ્લેસ્ટ) સુખી.
Peck, (પેક) ચાંચ મારવી, ચાંચવતી વીણી લેવું.
Speck, (સ્પેક)ડાઘ, દાણો, રજ.
Went, (વેન્ટ) ગયું.
Spent, (સ્પેન્ટ) ખરચ્યું, ઉડાવ્યું.
Bed, (બેડ) ક્યારો, બિછાનું.
Led, (લેડ) લઇ ગયો.
Fled, (ફ્લેડ) નાસી ગયું.
Sex, (સેક્સ) જાતિ, સ્ત્રી પુરૂષ ભેદ.
Vex, (વેક્સ) ખીજવવું, ઇજા કરવી.
Leg, (લેગ) ટાંટીયો, પગ.

Beg, (બેગ) અર્જ કરવી, ભીખ માગવી.
Edge (એજ) પાળ, કીનારી.
Ledge, (લેજ)થર, કોર, ઓળ, હાર.
Kept, (કેપ્ટ) રાખ્યું.
Crept, (ક્રેપ્ટ) પેટે ચાલ્યું.
Left, (લેફ્ટ) ડાબી બાજુ.
Cleft, (ક્લેફ્ટ) ચીરો, ફાટ.
Bell, (બેલ) ઘંટ.
Sell, (સેલ) વેચવું.
Spell, (સ્પેલ) જોડણી.
Belt, (બેલ્ટ) પટો.
Felt, (ફેલ્ટ) લાગ્યું.
Self, (સેલ્ફ) ખુદ, પોતે.
Shelf, (શેલ્ફ) અભરાઈ.
Shelve, (શેલ્વ) છાજલી કરવી, અભરાઈ બેસાડવી.
Twelve, (ટવેલ્વ) બાર.
Bend, (બેન્ડ) વાળવું.
Spend, (સ્પેન્ડ) ઉડાવવું, ખપીજવું.
Help, (હેલ્પ) મદદ કરવી.
Whelp, (ઉહેલ્પ) બચ્ચું, પિલું, કુરકુરયું, ચક્કરનો દાંતો.
Tree, (ટ્રી) ઝાડ.
Thee, (ધી) તુને.
Three, (થ્રી) ત્રણ.
Heel, (હીલ) પગની એડી, નમવું, વાંકુ થવું.
Wheel, (ઉવ્હીલ) પૈડું, ચક્ર, ચાક.
Seen, (સીન) દીઠેલું.
Queen, (ક્વીન) રાણી.

Week, (ઉવીક) અઠવાડિયું.
Meek, (મીક) ગરીબ, સાલસ.
Brief, (બ્રીફ) ટુંકું.
Grief, (ગ્રીફ) દલગીરી.
Field, (ફિલ્ડ) ખેતર.
Yield, (યીલ્ડ)ઉપજ થવી, તાબે થવુ.
Sheep. (શીપ) મેંઢું.
Weep, (ઉવીપ) ચાબકો.
Sweep, (સ્વીપ) ઘસડવું, ઝાડવું.
Feet, (ફીટ) પગો.
Street, (સ્ટ્રીટ) મોહોલ્લો, રસ્તો.
Cheer, (ચીઅર) ખુશી થવું, ઉત્તેજન આપવું.
Deer, (ડીઅર) હરણ.
Heed, (હીડ) ભાન રાખવું, ગણકારવું.
Speed, (સ્પીડ) ઝડપ, ઉતાવળ.
Bier, (બીર) ગેણુ, ઠાઠડી.
Pier, (પીર) કમાન સારૂ મુકેલો થાંભલો, ડક્કો.
Fierce, (ફીઅર્સ) ઘાતકી, વિકરાળ.
Pierce (પીઅર્સ) વિંધવું. ભોંકવું
Beak, (બીક) પક્ષીની ચાંચ.
Peak, (પીક) ટોચ, શિખર.
Speak, (સ્પીક) બોલવું.
Heap, (હીપ) ઢગલો, ગંજ, ખડકવું.
Cheap, (ચીપ) સોંઘું, સસ્તું.
Lead, (લીડ) લઈ જવું.
Plead, (પ્લીડ) તકરાર કરવી, કારણ બતાવવું.
Heat, (હીટ) ગરમી, જુસ્સો.

Cheat, (ચીટ) ઠગવું.
Each, (ઈચ) દરેક.
Teach, (ટીચ) શિખવું.
Leave, (લીવ) છુટી, પરવાનગી.
Weave, (ઉવીવ) વણવું.
Pig, (પિગ) ડુક્કર.
Dig, (ડિગ) ખોદવું.
Wig, (ઉવિગ) બાલની ટોપી.
Hid, (હિડ)છુપાયું, છુપઇ ગયું.
Did, (ડિડ) કીધું, કર્યું.
Sit, (સિટ) બેસવું.
Pit, (પિટ) નાટકશાળામાં છેલ્લા વર્ગની બેઠક, ખાડો.
Rib, (રિબ) પાંસળી, પાંદડાંનો દાંડો.
Crib, (ક્રિબ) ઢોરની ગમાણ, ચારો નાંખવાની જગ્યા.
Pin, (પિન) ટાંચણી, ખીલી.
Spin, (સ્પિન) કાંતવું, ભમરડો ફેરવવો.
Fish, (ફિશ) માછલી.
Dish, (ડિશ) થાળી, તાસક, રકાબી.
Mill, (મિલ) ઘંટ, દળવાનો સાંચો.
Kill, (કિલ) મારી નાંખવું.
Skill, (સ્કિલ) યુક્તિ, ચતુરાઇ.
Stiff, (સ્ટિફ) ચીવવત, મરડાએ નહિ એવું.
Cliff, (કિલ્ફ) કરાડો, ઉભી ખડક.
Kick, (કિક)લાતમારવી,પાટુ મારવું.
Brick, (બ્રિક) ઈટરડી.
Ring, (રિંગ) ગાજવું, વાગવું, વગાડવું.

String, (સ્ટ્રિંગ) દોરી, તાર.
Inch, (ઈંચ) તસુ. [આવવી.
Pinch, (પિન્ચ) ચીમટી, ચપટી
Since, (સિન્સ) જ્યારથી, ત્યારપછી, એમ છે તેથી.
Prince, (પ્રિન્સ) શાહાજાદો, રાજ પુત્ર.
Ship, (શિપ) વહાણ.
Chip, (ચિપ) પટી, છોડાં પાડવાં.
Whip, (ઉવ્હિપ) ચાબકો, ચાબુક.
Him, (હિમ) તેને.
Swim, (સ્વિમ) તરવું.
Kiss, (કિસ) ચુંબન, ચુમી.
Bliss, (બ્લિસ) આનંદ, સુખી.
Milk, (મિલ્ક) દુધ.
Silk, (સિલ્ક) રેશમ.
Ridge, (રિજ્જ) ટેકરીઓની હાર, છાપરાંનો મોતી.
Bridge, (બ્રિજ) પુલ, નાકની દાંડી.
Stitch, (સ્ટિચ) ટાંકો, બખીયી.
Which, (ઉવિચ)કયું, કોણ, જે, તે.
Kite, (કાઇટ) સમડી, પતંગ.
Bite, (બાઇટ) કરડવું.
Write, (રાઇટ) લખવું.
Life, (લાઇફ) જીંદગી.
Knife, (નાઇફ) છરી, ચાકુ.
Lime, (લાઇમ) ચુનો.
Time, (ટાઇમ) વખત. [આગ.
Fire, (ફાયર) આતસ, સળગાવવું,
Spire, (સ્પાયર) શિખર, પેચ.
Pie, (પાઈ) સમોસો.

Die, (ડાઈ) મરવું, નાશ પામવો.
Tried, (ટ્રાઈડ) કોશેશ કીધી.
Dried, (ડ્રાઈડ) સુકવ્યું.
Mice, (માઈસ) ઉંદરો.
Rice, (રાઈસ) ચોખા, ભાત.
Price, (પ્રાઈસ) કિમત.
Mile, (માઈલ) અર્ધો કોશ, ગાઉ.
Smile, (સ્માઈલ) હસવું.
Pike, (પાઈક) ભાલો.
Spike, (સ્પાઈક) આર, ફૂણગો.
Quite, (કવાઈટ) તદન.
White, (હ્વાઈટ) સફેદ.
Mild, (માઈલ્ડ) સાલસ, નરમદીલનું.
Child, (ચાઈલ્ડ) બચ્ચું, છોકરૂં.
Kind, (કાઈન્ડ) માયાળુ.
Blind, (બ્લાઈન્ડ) આંધળો.
Nine, (નાઈન) નવ.
Fine, (ફાઈન) સુંદર.
Thine, (ધાઈન) તારૂં.
Five, (ફાઈવ) પાંચ.
Drive, (ડ્રાઈવ) હાંકવું.
Pipe, (પાઈપ) નળી.
Ripe, (રાઈપ) પાકું.
Ride, (રાઈડ) શવારી કરવી.
Pride, (પ્રાઈડ) મગરૂબી.
High, (હાઈ) ઉંચે.
Thigh, (થાઈ) જાંગ.
Light, (લાઈટ) હલકું, રોશની.
Night, (નાઈટ) રાત્રી, રાત.
Dog, (ડૉગ) કુતરો.
Log, (લૉગ) લાકડાંનો કકડો.

Flog, (ફ્લૉગ) ચાબકા મારવા.
Hob, (હૉબ) ચુલાનો અહોલો.
Rob, (રૉબ) લુંટવું, ચોરવું.
Box, (બૉક્સ) પેટી, પેટારો.
Fox, (ફૉક્સ) લોંકડી, શિયાળ.
Hod, (હૉડ) એકજાતની ઉનનીછાછર.
Shod, (શૉડ) નાળ જડેલી.
Soft, (સૉફ્ટ) નરમ.
Loft, (લૉફ્ટ) કાતરીયું, માળ.
Pond, (પૉન્ડ) તળાવ.
Fond, (ફૉન્ડ) શોખીન.
Top, (ટૉપ) ભમરડો, મથાળું.
Hop, (હૉપ) કુદવું.
Shop, (શૉપ) દુકાન.
Pot, (પૉટ) વાસણ, કડાઈ.
Spot, (સ્પૉટ) જગ્યા.
Tom, (ટૉમ) નામ છે.
From, (ફ્રૉમ) થી, માંથી, પાસેથી.
Pomp, (પૉમ્પ) ભપકો.
Romp, (રૉમ્પ) ઉછાંછળી રમત, ધીંગાણું, કુદાકુદ કરવી.
Doff, (ડૉફ) ઉતારવું, કાઢવું, ટોપી ઉતારવી.
Scoff, (સ્કૉફ) હશી કાઢવુ, હાંસી મ-જાક કરવી.
Doll, (ડૉલ) ઢીંગલી, પૂટળી.
Loll, (લૉલ) સુખે બેસવું, પડવું.
Rock, (રૉક) ખડક.
Lock, (લૉક) તાળું, કળ.
Clock, (કલૉક) ઘડીઆળ.
Moth, (મૉથ) ઉધાઇ.
Cloth, (કલૉથ) કપડું.

Long, (લૉન્ગ) લાંબુ.
Song, (સૉન્ગ) ગીત, ગાયણુ.
Hotch-potch, (હૉચપૉચ) ખીચડો, પંચભેળ.
Loss, (લૉસ) નુકશાન, ધોકો,હાની.
Cross,(ક્રૉસ)ઓળંગવું,પેલેપારજવું.
Lost, (લૉસ્ટ) ખોયું.
Cost, (કૉસ્ટ) કિંમત.
Boat, (બોટ) મછવો, હોડી.
Coat, (કોટ) ડગલો, ઢાંકણુ.
Float, (ફ્લોટ) તરાપો, તરવું.
Oak, (ઓક) એ નામનું ઝાડ.
Cloak, (ક્લોક) ઝભો.
Load, (લોડ) બોજો.
Road, (રોડ) રસ્તો, માર્ગ.
Roar, (રોર) બરાડવું, ગર્જના.
Soar, (સોર) ઉંચે ચઢવું, ઉડવું.
Coast, (કોસ્ટ) કીનારો.
Toast, (ટોસ્ટ) સલામતી, ભુજવું.
Coach, (કોચ) ગાડી.
Poach, (પોચ) ચોરી લઇજવું, જરાતરા બાફવું.
Rope, (રોપ) દોરડું.
Hope, (હોપ) આશા.
Slope, (સ્લોપ) ઢળતી જગ્યા.
Home, (હોમ) ઘર, સ્વદેશ,વતન.
Dome, (ડોમ) ઘુંમટ, કળશ.
Robe, (રોબ) ઝભો.
Globe, (ગ્લોબ) ગોળ.
Smoke, (સ્મોક) ધુમાડો.
Spoke, (સ્પોક) બોલ્યો.
Bold, (બોલ્ડ) હિમ્મતવાન, બહાદુર.
Gold, (ગોલ્ડ) સોનું, સુવર્ણ.
Both, (બોથ) બન્ને, બેઉ.
Sloth, (સ્લોથ) સુસ્તી, આળસ.
Rose, (રોઝ) ગુલાબ.
Nose, (નોઝ) નાખ.
Those, (ધોઝ) પેલા, તેઓ.
Shore, (શોર) કીનારો, કાંઠો.
Store, (સ્તોર) વખાર.
Note, (નોટ) ચિઠી, ટિકા.
Wrote, (રોટ) લખ્યું.
Bone, (બોન) હાડકું.
Stone, (સ્તોન) પથ્થર.
Foe,(ફો)દુશમન,ધડીઆળનું ગજું.
Toe, (ટો) પગનો અંગુઠો.
Low, (લો) હલકું, નીચું.
Blow, (બ્લો) ફટકો ફુકવું.
Tub, (ટબ) પીપ.
Rub, (રબ) ઘસવું.
Scrub, (સ્કબ) જોરથી ઘસવું.
Puff, (પફ) ફુલાવવું, પવનનોસપાટો.
Muff,(મફ) હાથના રૂવાંવાળાં ચામડાના મોજાં.
Turn, (તર્ન) ફેરવવું
Burn, (બર્ન) બળવું, દાઝવું.
Rush, (રશ) ધસવું.
Brush, (બ્રશ) પીછી.
Blood, (બ્લડ) લોહી.
Flood, (ફ્લડ) રેલ.
Rough, (રફ) ખડબચડું.
Tough, (ટફ) ચીકણું, ચીવટ.

Sun, (સન) સુરજ, સૂર્ય.
Fun, (ફન) તમાસો, ખેલ.
Shun, (શન) છોડી દેવું.
Dusk, (ડસ્ક) ઝાખું, કાળાશ પડતું.
Tusk, (ટસ્ક) મોટો દાંત.
Must, (મસ્ટ) જોઈએ.
Rust, (રસ્ટ) કાટ.
Pump, (પમ્પ) બુંઓ.
Jump, (જમ્પ) કુદવું.
Love, (લવ) ચાહાવું.
Glove, (ગ્લવ) હાથનું મોજું.
Come, (કમ) આવવું.
Some, (સમ) કેટલાંક.
Nut, (નટ) એકજાતનું ફળ.
Hut, (હટ) ઝુપડી, છાપડી.
Shut, (શટ) બંધ કરવું.
Much, (મચ) ઘણું, બહુ.
Such, (સચ) એવું.
Hung, (હંગ) ટાંગવું.
Flung, (ફ્લંગ) નાખવું, ફેકવું.
Drum, (ડ્રમ) પડધમ, કાનનોપડદો.
Plum, (પ્લમ) આળુ.
Turf, (તર્ફ) છાળાં છોડાં, ઘોડ દોડ.
Surf, (સર્ફ) દરિયાનુ મોજું, લેહેર.
First, (ફર્સ્ટ) પહેલાં, પહેલું.
Thirst, (થર્સ્ટ) તરસ.
Book, (બુક) ચોપડી.
Hook, (હુક) આંકડો, હુક.
Shook (શુક) ધુનાવ્યું, હીલવ્યું.
Foot, (ફુટ) પગ.
Soot, (સુટ) મેસ, કાજળ.

Bull, (બુલ) ગોધો.
Pull, (પુલ) ખેંચવું.
Push, (પુશ) આચકો મારવો.
Bush, (બુશ) ઝાડી.
Good, (ગુડ) ભલું, સારૂ.
Wood, (ઉડ) જંગલ, લાકડું.
Could, (કુડ) શકયો.
Should, (શુડ) જોઇએ.
Ball, (બૉલ) દડો.
Call, (કૉલ) બોલાવવું.
Fall, (ફૉલ) પડવું.
Raw, (રૉ) કાચું.
Straw, (સ્ટ્રૉ) ઘાસ.
Fork, (ફૉર્ક) કાંટો.
Cork, (કૉર્ક) બુચ.
Talk, (ટૉક) વાત કરવી.
Stalk, (સ્તૉક) સાંઠો.
Ought, (ઑટ) જોઇએ.
Fought, (ફૉટ) લડયો.
Caught, (કૉટ) પકડયું.
Taught, (ટૉટ) શીખવ્યું.
Cart, (કાર્ટ) ગાડું.
Part, (પાર્ટ) ભાગ.
Smart, (સ્માર્ટ) ચચરાટ, ચાલાક.
Hark, (હાર્ક) સાંભળો.
Shark, (શાર્ક) એક જાતની માછલી.
Far, (ફાર) દુર, આઘેનું.
Star, (સ્તાર) તારો, સેતારો.
Harp, (હાર્પ) સારંગી.
Sharp, (શાર્પ) તીક્ષણ.
Half, (હાફ) અર્ધું.

Calf, (કાફ) વાછરડો.
Calm, (કામ) શાંત.
Balm, (બામ) ખુશબોદાર મલમ.
Tap, (ટૅપ) ટકોરો મારવો, નવી એડી [બેસાડવી.
Cap, (કૅપ) ટોપી.
Gap, (ગૅપ) બાકું.
Fat, (ફૅટ) જાડી, ચરબીદાર.
Gat, (ગૅટ)
Tape, (ટેપ) ફીત, નાડું.
Cape, (કેપ) ભૂશીર, ભૂશલાકા.
Gape, (ગેપ) બગાસું ખાવું, મો-પહોળું કરવું.
Fate, (ફેટ) નસીબ.
Gate, (ગેટ) દરવાજો.
Mat, (મૅટ) સાદડી.
Rat, (રૅટ) ઉંદર.
Hat, (હૅટ) ઉભી ટોપી.
Mad, (મૅડ) ઘેલું, દીવાનું.
Pan, (પૅન) પેણો.
Mate, (મેટ) સાથી, નર.
Rate, (રેટ) ભાવ.
Hate (હેટ) ધીક્કારવું.
Made, (મેડ) બનાવ્યું, કીધું.
Pane, (પેન) કાચનો તકતો.
Bit, (બિટ) કકડો, કોળીયો, ટુકડો
Kit, (કિટ) સરસામન, મોટો સીસો
Sit, (સિટ) બેસવું
Hid, (હિડ) સંતાડયું.
Bite, (બાઇટ)) કરડવું.
Kite, (કાઇટ) સમડી, પતંગ.
Site. (સાઇટ) જગા, ઠેકાણું.
Hide, (હાઇડ) સંતાડવું.
Foot, (ફુટ) પગ.
Soot, (સુટ) મેશ, કાજળ.
Pull, (પુલ) ખેંચવું.
Bull, (બુલ) ગોધો.
Pin, (પિન) ટાંચણી, ખીલી.
Fin, (ફિન) માછલીની પાંખ.
Din, (ડિન) મોટો અવાજ.
Win, (ઉવિન) જીતવું.
Pine, (પાઇન) એક જાતનું ઝાડ.
Fine, (ફાઇન) સુંદર.
Dine, (ડાઇન) ખાવું.
Wine, (ઉવાઇન) દ્રાક્ષનો દારૂ.
Rob, (રૉબ) લુટવું, ચોરવું.
Hop, (હૉપ) કુદવું.
Pop, (પૉપ) ફટદઇનેઅવાજ કરવો, ચડપ દઇને મુકવું.
Cot, (કૉટ) ઝુંપડું, છાપડી.
Robe, (રોબ) ઝભા.
Hope, (હોપ) આશા.
Pope, (પોપ) રોમન કેથોલીક ધર્મનો ઉપરી પાદરી, પોપ.
Cote, (કોટ) ઝુંપડી,નાની બેડોલહોડી.
Not, (નૉટ) નહિ.
Cod, (કૉડ) એક જાતની માછલી.
Rod, (રૉડ) લાકડી, સોટી, દંડ.
Con, (કૉન) વિરૂદ્ધ, ઉલટું, નકારનું.
Note, (નોટ) ચીઠી, ધ્યાનમાં રાખવું.
Code, (કોડ) કોડ, કાયદાનો સંગ્રહ, કલમ બંધી.
Rode, (રોડ) સવારી કીધી.
Cone, (કોન) પૃચ્છાકૃતિ, શંકુ આકારનું ફળ.

સમાપ્ત.

નાનાભાઈ બેજનજી કરાણી.

પુસ્તકો વેચનાર, પ્રગટ કરનાર, કમીશન એજંટ, વિગેરે.

૩૩, ધોબી તળાવ, મુંબઈ.

અમારાં પ્રગટ કરેલાં નીચલાં મીનીંગો અમારે ત્યાંથી લેવાથી અતિ ઘણે ઓછે ભાવે મળશે :—

ન્યુ રૉયલ પ્રાઈમર, ભાગ ૧ લા તથા ૨ જાના મીનીંગ—તરજુમા સાથના કીં૦)॥

ન્યુ રૉયલ રીડર્સ, નં૦ ૧ લાના મીનીંગ—તરજુમા સાથના, કીં૦।=

ન્યુ રૉયલ રીડર્સ, નં૦ ૨ જાના મીનીંગ—તરજુમા સાથના, કીં૦॥

ન્યુ રૉયલ રીડર્સ, નં૦ ૩ જાના મીનીંગ—તરજુમા સાથના, કીં૦॥=

ન્યુ રૉયલ રીડર્સ, નં૦ ૪ થાના મીનીંગ—તરજુમા સાથના, કીં૦રૂ. ૧

રૉયલ સ્કુલ પ્રાઈમરના મીનીંગ—તરજુમા સાથના, કીં૦।

રૉયલ ઈનફન્ટ રીડરના મીનીંગ—તરજુમા સાથના, કીં૦।=

રૉયલ રીડર્સ, નં૦ ૧ લાના મીનીંગ—તરજુમા સાથના, કીં૦।=

રૉયલ રીડર્સ, નં૦ ૨ જાના મીનીંગ—તરજુમા સાથના, કીં૦॥

રૉયલ રીડર્સ, નં૦ ૩ જાના મીનીંગ—તરજુમા સાથના, કીં૦॥=

રૉયલ રીડર્સ, નં૦ ૪ થાના મીનીંગ—કીં૦॥=

ચેમ્બર્સ એક્સપ્રેસીવ પ્રાઈમર, ભાગ ૧ લાના મીનીંગ—તરજુમા સાથના, કીં૦।

*** વિદ્યાર્થીઓના ફાયદા માટે અમે અમારાં છાપેલાં બધા મીનીંગો ઘણીજ સસ્તી કીંમતે આપવા માંડ્યા છે, માટે અમારે ત્યાંથી લેવાથી અતિ ઘણો ફાયદો થશે.

એક વખત મંગાવી ખાતરી કરો!

NANABHAI B. KARANI,

Book-Seller, Publisher, &c.,

33, DHOBI TALAO, BOMBAY.